**ક્રિમીનલ અપીલ નંબરઃ– ૧૮/૨૦૨૫.**

## // આંક – ૧ નીચે હુકમ //

(૦૧) હાલની અપીલ અરજદાર/મુળ આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૧૫ મુજબ ચાણસ્મા કોર્ટના ફોજદારી કેસ નં. ૧૨૭/૨૦૨૨ ના કામે થયેલ આદેશથી નારાજ થઈ દાખલ કરેલ છે. હાલની અપીલ દાખલ થતા બંને પક્ષકારોને નોટીસ કરવામાં આવેલ છે

(૦૨) સદર અપીલના કામે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોઈ, પક્ષકારોએ આંક – ૧૮ થી પુરસીસ આપી જણાવેલ છે કે, પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ છે. અરજદારે સામાવાળાને રકમ ચુકવી આપેલ છે. સામાવાળાને હવે કોઈ લેણી રકમ લેવાની નીકળતી નથી. અરજદારને સદર કામે સજાનો હુકમ કરેલ હોઈ તેઓને માફી આપવા જણાવેલ છે. વધુમાં સામાવાળા તરફે આંક – ૧૭ થી પુરસીસ આપી સદર કેસમાં અરજદાર/ આરોપીએ ચાણસ્મા કોર્ટમાં ડીપોઝીટ કરાવેલ ૨૦% રકમ સામાવાળા નં. ૧ /મુળ ફરીયાદીને આપવાનું નક્કી થયેલ હોવાનું જણાવેલ છે. સદર પુરસીસ ઉપર અરજદાર/આરોપીએ સામાવાળાને ચુકવી આપવામાં આવે તો વાંધો નહીં હોવાનો શેરો કરી આપેલ છે. સદર કામે ઉપરોક્ત હકીકત તથા સંજોગો નજર સમક્ષ રાખતા તથા પક્ષકારો વચ્ચે સમાધાન થયાની હકીકત નજર સમક્ષ રાખતા, જ્યારે આ કામના પક્ષકારોએ સમાધાન કરેલ છે અને સમાધાન પેટેની રકમ અરજદાર/ આરોપીએ સામાવાળા નં. ૧/ફરીયાદીને ચુકવી આપેલ છે, તેવા સંજોગોમાં હાલની અપીલ આગળ ચલાવવા પાત્ર ન હોઈ, આ કામે હાલની અપીલ મંજુર કરી, નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

(૧) અરજદાર/આરોપીની હાલની ક્રિમીનલ અપીલ મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ચાણસ્માના વિ. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસશ્રીએ

..૨.....

તા.૦૯/૧૦/૨૦૨૪ ના રોજ ફોજદારી કેસ નં. ૧૨૭/૨૦૨૨ ના કામે કરેલ સજાનો આદેશ આથી રદ કરવા હુકમ કરવામાં આવે છે.

(૩) અરજદાર/આરોપીને ક્રિમીનલ કેસ નં. ૧૨૭/૨૦૨૨ ના કામે નિર્દોષ ઠેરવી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

(૪) અરજદાર/આરોપીએ નીચેની કોર્ટમાં વળતરની રકમની ડીપોઝીટ પેટે જમા કરાવેલ ૨૦% રકમની એફ.ડી.આર. કરાવેલ હોય તો તે સબંધે જમા થયેલ વ્યાજસહીતની રકમ સામાવાળા નં. ૧/મુળ ફરીયાદીને યોગ્ય વેરીફીકેશન બાદ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) સદર અપીલના કામે વચગાળાનો જો કોઈ હુકમ કરેલ હોય તો તે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) સદર હુકમ લોક અદાલતમાં થયેલ હોઈ દંડ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૭) અરજદાર/આરોપીના જામીનખત ડીસ્ચાર્જ કરવામાં આવે છે.

(૮) પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ ભોગવવો.

(૯) નીચેની કોર્ટના ક્રિમીનલ કેસનું અસલ રેકર્ડ આવેલ હોય તો સદર હુકમના નકલ યાદી સાથે વિ. ટ્રાયલ કોર્ટને મોકલી આપવું.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬.

પાટણ.

**( પ્રશાંતકુમાર એચ. શેઠ )**
સેશન્શ જજ,
**પાટણ.**
**( Judge U.I.Code No. GJ 00524 )**

( **BKP** )